| | | |
|---|---|---|
| | **જનસંપર્ક અધિકારી,**<br>**પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર**<br>**પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**<br>**કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦** | |

**તા.૦૧/૦૨/૨૦૨૫ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૮/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૬૪ લીટર દેશી દારૂ, ૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૩૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧૩૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૯/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૬૦/૨૦૨૫**

**ક્રાઇમ બ્રાન્ચઃ** મોહસિનભાઇ ઇકબાલભાઇ સુરતી (ઉ.વ.૩૫) (રહે. કાજલ વિલા, ક્લાસીક પાર્ક સામે ઘાંચી હોલની ગલીમાં જુહાપુરા) એ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧૦/૨૦૨૩ થી તા.૨૧/૦૨/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પિપળજ નુર મસ્જીદની ગલીમાં પિપળજ પિરાણા રોડ કાજલવાલા એસ્ટેટ ગોડાઉન નંબર-૮,૯ ખાતેથી આરોપી (૧) "બીજલ ટેક્ષટાઇલ" તથા "ખુશ ટેક્ષટાઇલ" બન્ને ફર્મના પ્રોપરાઈટર જેકીન કિશોરભાઇ શાહ (રહે. શાલીભદ્ર ટાવર જવેરીપાર્ક જૈન દેરાસર પાસે જુના વાડજ, હે. દુકાન નંબર-૨, ગ્રા.ફ્લોર વૈભવલક્ષ્મી કોમ્પ્લેક્ષ એચ.બી.કે.સ્કુલ પાસે શાહીબાગ રોડ માધવપુરા) અને (૨) "પદમ ટેક્ષટાઇલ" ના પ્રોપરાઈટર વિજયભાઈ માળી ઠેકાણું-૨૮૬, બીજોમાળ, ન્યુ ક્લોથ માર્કેટ, રાયપુર) એ ભેગા મળી અલગ અલગ બીલથી રેયોન કાપડનો માલ કિમત રૂપિયા ૪૯,૯૯,૮૪૦/- ઉધારમાં ખરીદ કરી માલનુ પેમેન્ટ ૩૦ થી ૪૦ દિવસમાં ચુકવવાની ખાતરી આપી તે પૈકી રૂપિયા ૧૪,૫૬,૬૬૬/- ચુકવી, બાકી રહેતા રૂપિયા ૩૫,૪૩,૧૭૪/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા ન્યુ ક્લોથ માર્કેટ વિંગ પો.સ.ઇ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૬૧/૨૦૨૫**

**નારણપુરાઃ** મયુરીબહેન વા/ઓ રાજન મહેતા (રહે. સંસ્કૃત એપાર્ટમેન્ટ રેવામણી હોલ પાસે ઘાટલોડીયા) એ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૧/૨૦૨૫ બપોરના ૩/૧૫ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારણપુરા શાસ્ત્રીનગર બીઆરટીએસ બસ સ્ટેશન ખાતે મયુરીબહેના મહેતાની નજર ચુકવી અજાણી વ્યક્તિએ મયુરીબહેના મહેતાના બેગમાંથી સોનાનો નેકલેશ અને ઇયરીંગ એક જોડી કિંમત રૂપિયા ૧,૨૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી નાનજીભાઇ સીંગાજી ચલાવે છે.

**વાહન ચોરીઃ–** **સમાચાર યાદી નં.૧૬૨/૨૦૨૫**

**એલીસબ્રીજઃ** અભીજીતસિંહ બળવંતસિંહ ચાવડા (રહે. રાયજી બિલ્ડીંગ માદલપુર ગામ એલીસબ્રીજ) એ તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ એલીસબ્રિજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અભીજીતસિંહ ચાવડા એ તા.૨૮/૦૧/૨૦૨૫ રાતના ૧૦/૦૦ વાગે મિત્રની થાર ગાડી નંબર જીજે ૩૭ એમ ૦૩૦૨ કિમત રૂપિયા ૧૬,૦૦,૦૦૦/– પોતાના રહેણાંક નજીક પાર્ક કરી હતી. જેની ચોરી તા.૩૦/૦૧/૨૦૨૫ સવારના ૧૧/૦૦ વાગ્યા દરમ્યાન અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.સી.શર્મા ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૧૬૩/૨૦૨૫**

**ઓઢવઃ** લીલાબહેન વા/ઓ ગોવિંદભાઇ રોઝારા (ઉ.વ.૫૮) (રહે. શિવ શક્તિનગર ગાયત્રી આશ્રમ પાસે ઓઢવ ગામ ઓઢવ) એ બિમારીથી કંટાળી તા.૩૧/૦૧/૨૦૨૫ સવારના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એન.જામંગ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી